ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૨૦.૦૧.૨૦૧૮

-------------------

**કોંગ્રેસના નેતાઓના પત્રોના રાજકારણ સામે ભાજપાની પ્રતિક્રિયા – "હોજ સે ગઈ વો બુંદ સે નહી આતી – શ્રી ભરત પંડ્યા"**

-------------------

**કોંગ્રેસ સત્તામાં હોય ત્યારે પ્રજાહિતના કામો કરતી નથી અને સત્તામાં ન હોય ત્યારે પત્રો લખીને મગરના આંસુ સારવાના તરકટો કરે છે – શ્રી ભરત પંડ્યા**

-------------------

**૧૦ વર્ષના કેન્દ્રમાં કોંગ્રેસ શાસન સમયે નર્મદા યોજનાને ખોરંભે ચઢાવી ત્યારે શ્રી એહમદ પટેલે નર્મદા માટે પત્રો કેમ ન લખ્યા ? ત્યારે ગુજરાત હિત અને ખેડૂત હિત કેમ યાદ ન આવ્યું ? – શ્રી ભરત પંડ્યા**

-------------------

**ફી નિયમન મુદ્દે કોંગ્રેસના વાણી – વર્તન - વ્યવહાર વાલી - વિદ્યાર્થીઓના હિત વિરોધી જ છે – શ્રી ભરત પંડ્યા**

-------------------

**કોંગ્રેસ પ્રજાહિતમાં હવે બેધારી નીતિ સાથે બેમોઢાની વાત બંધ કરે – શ્રી ભરત પંડ્યા**

-------------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ કોંગ્રેસના નેતાઓના પત્રોના રાજકારણને આડે હાથ લેતાં જણાવ્યું હતુ કે, કોંગ્રેસ જ્યારે પોતે સત્તામાં હોય છે ત્યારે પ્રજાહિતના કામ કરતી નથી અને સત્તામાં નથી હોતી ત્યારે પત્રો લખીને તરકટો રચે છે. કોંગ્રેસ સત્તામાં હોય ત્યારે માત્ર ભ્રષ્ટાચાર કરે છે અને સત્તામાં ન હોય ત્યારે નાટ્યાત્મક અને નકારાત્મકતા સાથે જૂઠ્ઠાણા અને ઉશ્કેરાટ ફેલાવવાનો પ્રયાસ કરે છે.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતુ કે, કોંગ્રેસના શ્રી એહમદ પટેલે નર્મદા યોજના માટે કેન્દ્રમાં કોંગ્રેસ સરકારના સમયે પત્રો લખ્યા હોત તો સારું હતુ, કેન્દ્રમાં ૧૦ વર્ષના શાસન સમયે નર્મદા યોજના આડે રોડા નાખનાર કોંગ્રેસને તે સમયે ખેડૂતોની ચિંતા થતી ન હતી અને અત્યારે ખેડૂતો માટે મગરના આંસુ સારી રહ્યા છે. **નર્મદા ડેમની ઉંચાઇ, ડેમના દરવાજા અને વિસ્થાપિતોને મુદ્દે હંમેશા નર્મદાને રોકવાનું પાપ કરનાર કોંગ્રેસને નર્મદા કે ખેડૂતો માટે બોલવાનો લેશમાત્ર અધિકાર નથી.**

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યું હતુ કે, કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ કેસ ન લડવા માટે શ્રી કપિલ સિબ્બલને વ્યક્તિગત પત્ર લખ્યો તે સારી વાત છે પરંતુ કોંગ્રેસનું આ તરકટ સ્પષ્ટ દેખાય છે. આમ, એક બાજુ કોંગ્રેસ વિપક્ષ તરીકે ક્યારેય પણ પ્રજા કલ્યાણના સકારાત્મક કાર્યો, ગરીબ કલ્યાણની યોજનાઓ જે ભાજપા લાગુ કરે છે તેને કોંગ્રેસ સ્વીકારી શકતી નથી, વિરોધ પક્ષ તરીકે કોંગ્રેસ હંમેશા નકારાત્મક અને સમાજ હિત વિરોધી ઉશ્કેરાટ ફેલાવવાનો પ્રયાસ કરે છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી પંડ્યાએ કોંગ્રેસ માટે **"હોજ સે ગઇ વો બુંદ સે નહી આતી"** ઉકિત ઉચ્ચારીને આજે કોંગ્રેસને પાંચ પ્રશ્નોનો જવાબ આપવા જણાવ્યું હતુ. કોંગ્રેસ જવાબ આપે,

**૧. કોંગ્રેસ શા માટે ભાજપાના પ્રજાકલ્યાણ અને ગરીબલક્ષી નિર્ણયોનો વિરોધ કરે છે ?**

**૨. કોંગ્રેસના ૧૦ વર્ષના કેન્દ્ર શાસનમાં નર્મદા યોજના ખોરંભે ચડાવી હતી ત્યારે શ્રી એહમદ પટેલને પત્ર લખવાનું કેમ સુજ્યું નહી?**

**૩. કોંગ્રેસે નર્મદા ડેમના ઉંચાઇ, દરવાજા અને વિસ્થાપિતો મુદ્દે વારંવાર કેમ અડચણો ઉભી કરી અને ૧૦ વર્ષ સુધી ડેમના દરવાજાની મંજુરી કેમ ન આપી ?**

**૪. વિધાનસભામાં ફી નિયમન કાયદો ભાજપા સરકારે પસાર કર્યો ત્યારે કોંગ્રેસે તેનું સમર્થન કેમ ન કર્યું ? અને ગૃહમાં હાજર કેમ ન રહ્યા અને ગૃહનો બૉયકોટ કેમ કર્યો હતો ?**

**૫. કોંગ્રેસ શાળા સંચાલકો સામે ફી ઘટાડવા માટે પીટીશન કેમ નથી કરતી ?**

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યું હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રધાનમંત્રી બન્યા પછી નર્મદા ડેમના દરવાજાની મંજુરી દ્વારા ડેમના દરવાજાનું કામ પૂર્ણ થયેલ છે તે ગુજરાતની જનતા જાણે છે પરંતુ કોંગ્રેસને તે યાદ નથી લાગતું. ભાજપા સરકારે હંમેશા ખેડૂત હિતના પગલાંઓ અને નિર્ણયો લીધા છે, ખાતર નિયમિત રીતે મળી રહે, વીજદરમાં ૨૦ વર્ષથી એકપણ પૈસો વધાર્યો નથી, ટપક સિંચાઇ પધ્ધતિ દ્વારા વધુમાં વધુ ખેતી થઇ શકે તે માટે સબસીડી આપવાની વાત હોય કે ખેતપેદાશો જેવી કે, મગફળી, કપાસ, દાળ વગેરેને ટેકાના ભાવે ખરીદી કરી છે અને **મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની ભાજપા સરકાર** હજુપણ ખેડૂતોના હિતલક્ષી નિર્ણયો લેતી જ રહેશે. ભાજપા સરકાર વાલી-વિદ્યાર્થીઓના હિતમાં ફી ઘટાડાના મુદ્દે મક્કમ અને કટિબધ્ધ છે. કોંગ્રેસે ચૂંટણીઓ સમયે પ્રજાને ફી નિયમન મુદ્દે ગેરમાર્ગે દોરીને વોટબેંકની રાજનીતિ કરી હતી અને હવે જ્યારે નામદાર કોર્ટે ગુજરાત ભાજપા સરકારના નિર્ણયને સાચો ઠેરવ્યો છે ત્યારે હજુ પણ કોંગ્રેસ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરી રહી છે અને વાલીઓ સાથે દુરાગ્રહ રાખીને તેમને આર્થિક નુકશાન થાય તેવા દુષ્કાર્યોને પ્રોત્સાહિત કરી રહી છે તે યોગ્ય નથી. કોંગ્રેસ પ્રજાહિતમાં હવે બેધારી નીતિ સાથે બેમોઢાની વાત બંધ કરે તેમ શ્રી પંડ્યાએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૨૦.૦૧.૨૦૧૮

------------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં સતત ત્રીજા દિવસે આજે પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે ભાજપા ગુજરાત પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજાઇ**

------------------

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની યાદી જણાવે છે કે, સતત ત્રીજા દિવસે આજે પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં ભાજપા ગુજરાત પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજાઇ હતી. આજની આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, કેન્દ્રિય મંત્રીશ્રીઓ શ્રી પરષોત્તમભાઇ રૂપાલા, શ્રી મનસુખભાઇ માંડવીયા, સહિતના પાર્લામેન્ટ્રી બોર્ડના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા. રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી પણ આજની બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

આગામી ફેબ્રુઆરી મહિનામાં યોજાનાર **૦૨** જીલ્લા પંચાયતની **૧૧૦** બેઠકો, **૧૭** તાલુકા પંચાયતની **૪૩૬** બેઠકો અને **૭૫** નગરપાલિકાની **૨૧૧૬** બેઠકો આમ, કુલ મળીને **૨૬૬૨** બેઠકો પર ભાજપાના ઉમેદવારોની પસંદગી માટે સતત ત્રણ દિવસ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકો યોજાઇ હતી.

આજે **૧૪** જીલ્લાની **૪૦** નગરપાલિકાની **૧૧૩૬** બેઠકો પર ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરાઇ હતી, જેની માહિતી નીચે મુજબ છે.

| તારીખ | ક્રમ | જીલ્લાનું નામ | ન.પા. | ન.પા. વોર્ડ | બેઠકો |
|---|---|---|---|---|---|
| ૨૦.૦૧.૨૦૧૮ શનિવાર | ૧ | સુરેન્દ્રનગર | ૦૨ | ૧૮ | ૭૨ |
| | ૨ | બોટાદ | ૦૧ | ૭ | ૨૮ |
| | ૩ | ભાવનગર | ૦૩ | ૨૩ | ૯૨ |
| | ૪ | જૂનાગઢ જી. | ૦૬ | ૪૦ | ૧૬૦ |
| | ૫ | ગીર સોમનાથ | ૦૧ | ૭ | ૨૮ |
| | ૬ | પોરબંદર | ૦૩ | ૨૦ | ૮૦ |
| | ૭ | અમરેલી | ૦૪ | ૨૬ | ૧૦૪ |
| | ૮ | જામનગર જી. | ૦૩ | ૨૧ | ૮૪ |
| | ૯ | દેવભૂમિ દ્વારકા | ૦૩ | ૨૦ | ૮૦ |
| | ૧૦ | રાજકોટ | ૦૫ | ૪૨ | ૧૬૮ |
| | ૧૧ | મોરબી | ૦૧ | ૭ | ૨૮ |
| | ૧૨ | કચ્છ | ૦૨ | ૧૪ | ૫૬ |
| | ૧૩ | પાટણ | ૦૩ | ૧૯ | ૭૬ |
| | ૧૪ | મહેસાણા | ૦૩ | ૨૦ | ૮૦ |

આ અગાઉ ભાજપા સંગઠને જે વિસ્તારોમાં ચૂંટણીઓ યોજાવાની છે ત્યાં, "ઘર-ઘર ચલો અભિયાન" થકી તારીખ ૧૬-૧૭-૧૮ જાન્યુઆરીના રોજ જનસંપર્ક પૂર્ણ કરેલ છે. દરેક જગ્યાએ ભાજપાને અથાગ પ્રેમ અને આવકાર મળેલ છે. આવનારી ચૂંટણીઓમાં ભાજપા ચોક્કસ પણે ખૂબ જંગી બહુમતીથી વિજય પ્રાપ્ત કરશે અને સ્થાનિક એકમે સેવાયજ્ઞમાં સહભાગી થઇ જનતા જનાર્દનની સેવા થકી વિકાસયાત્રાને અવિરતપણે આગળ વધારશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ